# રાજ્યમાં કોરોનાનો હાહાકાર, નવા ૭૭૮ કેસ

## સુરતમાં સ્થિતિ નિયંત્રણ બહાર : રાજ્યમાં કોરોનાના સંક્રમિતોનો કુલ આંકડો ૩૭ હજારને પાર અને કુલ મૃત્યુઆંક ૧૯૭૯ : ૬૧ વેન્ટિલેટર ઉપર : રાજ્યમાં ૧૭નાં મોત

ગાંધીનગર,તા.૭
રાજ્યમાં સતત ચોથા દિવસે કોરોના પોઝીટીવનો આંકડો ૭૦૦ ને પાર નોંધાયો છે.રાજ્યમાં ૭૩૬૬ કોરોનાના ટેસ્ટ કરવામાં આવતા ૭૭૮ પોઝીટીવ કોરોનાના કેસ નોંધાયા હતાં.આ સાથે રાજ્યમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૩૭ હજારને પાર થઈ ૩૭૬૩૬ નોંધાયો છે.રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૭ કોરોનાના દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૯૭૯ થયો છે.રાજ્યમાં આજે ૪૨૧ દર્દીઓ ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતાં.અત્યાર સુધીમાં ૨૬૭૪૪ દર્દીઓ આ સાથે સારવાર લઈ કોરોના મુક્ત થયા છે.વેન્ટીલેટર પર અને ૮૯૧૩ એક્ટીવ કેસ આજની સ્થિતિ એ છે.રાજ્યમાં સતત કોરોના પોઝીટીવના કેસ રેકોર્ડ બ્રેક કરી રહ્યાં છે.તા.૬ એ ૭૩૫ અને આજે ૭૭૮ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે.તે રાજ્યમાં દિન પ્રતિદિન સંક્રમણ વધી રહ્યા હોવાનો અને નજીકના ભવિષ્યમાં ૮૦૦ નો આંકડો કુદાવશે તેવી ભીતી સેવાઈ રહી છે.રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૪ અને અમદાવાદમાં ૧, સુરત કોર્પોરેશનમાં ૩, દેવભૂમિ દ્વારકા, બનાસકાંઠા, મોરબી, પાટણ, ખેડા, રાજકોટ અને ગાંધીનગરમાં ૧ અને જામનગર કોર્પોરેશનમાં ૨ મોત સાથે ૧૭ મોત કોરોનાને લીધે ૨૪ કલાકમાં નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૭૨ અને ગ્રામ્યમાં ૧૫ સાથે કુલ ૧૮૭ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદમાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૨૨૨૬૨ થયો છે. આજે વધુ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૪૯૯ થયો છે. સુરત શહેરમાં આજે ૨૦૪ અને ગ્રામ્યમાં ૪૫ સાથે કુલ ૨૪૯ કેસ પોઝિટિવ નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોનાથી કુલ સંક્રમિતનો આંકડો ૬૪૫૮ થયો છે. સુરતમાં આજે વધુ ૩ મોત સાથે મૃત્યુઆંક ૧૯૧ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં નોંધપાત્ર રીતે કેસ વધીને હવે ૬૦ને પાર થવા માંડ્યો છે. વડોદરા કોર્પોરેશનમાં ૪૯ અને ગ્રામ્યમાં ૧૯ સાથે કુલ ૬૧ કોરોના પોઝિટિવના દર્દી નોંધાયા છે. વડોદરામાં આજે કુલ સંક્રમિતનો આંકડો ૨૭૦૦ને પાર થઈ ૨૭૦૧ થયો છે. ગાંધીનગરમાં આજે ૧૮ નવા કોરોના પોઝિટિવના કેસો નોંધાવા સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૫૪ પર પહોંચ્યો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૨૬૨ | ૧૪૯૯ | ૧૭૧૯૩ |
| સુરત | ૬૪૫૮ | ૨૦૦ | ૧૦૮૪ |
| વડોદરા | ૨૭૦૧ | ૫૧ | ૧૯૦૭ |
| રાજકોટ | ૪૭૦ | ૧૨ | ૧૬૬ |
| ગાંધીનગર | ૭૫૪ | ૩૨ | ૫૬૩ |
| ભાવનગર | ૩૯૪ | ૧૩ | ૧૮૯ |
| કચ્છ | ૨૦૯ | ૦૬ | ૧૧૦ |
| મહેસાણા | ૩૫૪ | ૧૩ | ૧૬૪ |
| ગીર-સોમનાથ | ૯૪ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૧ | ૦૨ | ૧૫ |
| પંચમહાલ | ૨૨૦ | ૧૬ | ૧૫૮ |
| પાટણ | ૨૫૪ | ૧૬ | ૧૪૦ |
| છોટાઉદેપુર | ૬૬ | ૦૨ | ૫૦ |
| જામનગર | ૨૮૯ | ૦૫ | ૧૫૮ |
| મોરબી | ૪૮ | ૦૧ | ૧૯ |
| સાબરકાંઠા | ૨૧૧ | ૦૮ | ૧૩૩ |
| આણંદ | ૨૫૬ | ૧૩ | ૨૧૬ |
| દાહોદ | ૮૫ | ૦૧ | ૪૮ |
| ભરૂચ | ૩૨૯ | ૧૦ | ૧૬૩ |
| બનાસકાંઠા | ૨૬૪ | ૧૩ | ૧૭૯ |
| ખેડા | ૨૨૯ | ૧૩ | ૧૪૦ |
| બોટાદ | ૧૦૫ | ૦૩ | ૬૯ |
| નર્મદા | ૯૬ | ૦૦ | ૮૮ |
| અરવલ્લી | ૨૩૩ | ૨૪ | ૧૯૦ |
| મહીસાગર | ૧૬૧ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૧૬૬ | ૦૨ | ૮૨ |
| તાપી | ૨૮ | ૦૦ | ૦૮ |
| વલસાડ | ૨૫૦ | ૦૫ | ૮૫ |
| જૂનાગઢ | ૧૯૮ | ૦૪ | ૬૭ |
| સુરેન્દ્રનગર | ૨૧૧ | ૦૮ | ૧૧૧ |
| દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૦૨ | ૧૮ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૧૧ | ૦૮ | ૪૮ |
| કુલ | ૩૭૬૩૬ | ૧૯૭૯ | ૨૬૭૪૪ |

# રાજ્યમાં દર કલાકે ૩૦ નવા પોઝિટિવ કેસ

**જુલાઈના પ્રારંભે જ રાજ્યમાં કોરોના બેકાબૂ બનતા ચિંતા : ૧૦ દિવસથી રાજ્યમાં ૬૦૦થી વધારે કેસ, જુલાઈ શરૂ થતાં જ પોઝિટિવ કેસની સંખ્યા ૭૦૦ની આસપાસ પહોંચી, ૩ દિવસથી ૭૦૦થી વધારે કેસ**

ગાંધીનગર, તા. ૦૭
જુલાઈ મહિનાની શરૂઆતથી જ રાજ્યમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. આંકડા પર નજર કરવામાં આવે તો છેલ્લા ૧૦ દિવસથી રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૦૦ને પાર થઈ રહી છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી એટલે કે ચોથી જુલાઈથી છઠ્ઠી જુલાઈના આંકડા જોવામાં આવે તો તેમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭૦૦ને પાર થઈ રહી છે. છઠ્ઠી જુલાઈના રોજ રાજ્યમાં કોરોનાનાં સૌથી વધારે ૭૩૫ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. આ રીતે જો ગણતરી કરવામાં આવે તો રાજ્યમાં દર કલાકે ૩૦થી વધારે નવા પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે. બીજી તરફ મોતનો આંકડો ચોક્કસ ઓછો થયો છે પરંતુ પોઝિટિવ કેસની સંખ્યામાં થઈ રહેલા વધારાએ તંત્રની ચિંતા વધારી છે.

છેલ્લા ૧૦ દિવસની વાત કરવામાં આવે તો કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં ઉછાળો નોંધાયો છે. ૩૦મી જૂન સુધી કોરોના વાયરસના કેસ ૬૦૦ની આસપાસ રહેતા હતા. જે જુલાઈ મહિનો શરૂ થતાં જ કોરોનાને કેસ ૭૦૦ની આસપાસ આવી રહ્યા છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી કોરોના વાયરસના કુલ કેસ ૭૦૦થી વધારે આવી રહ્યા છે. સાથે જ છેલ્લા ત્રણ દિવસથી અમદાવામાં કુલ પોઝિટિવ કેસ ૨૦૦થી નીચે આવી રહ્યા છે.

રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો અત્યાર સુધી (છઠ્ઠી જુલાઈ, ૨૦૨૦ની સ્થિતિ) કુલ ૩૬,૮૫૮ પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે. જેમાંથી ૧,૯૬૨ લોકોનાં મોત થયા છે જ્યારે ૨૬,૩૨૫ લોકો સાજા થયા છે. જેમાં સૌથી વધારો ૧,૪૯૧ લોકોનાં મોત અમદાવાદ જિલ્લામાં થયા છે. અમદાવાદ બાદ સુરતમાં ૧૮૬ અને વડોદરામાં ૫૧ લોકોનાં મોત થયા છે. તાપી અને ડાંગ જિલ્લામાં કોરોનાને કારણે અત્યાર સુધી કોઈ દર્દીનું મોત નથી થયું. અત્યારે સુધી ડાંગ જિલ્લામાં કોરોનાનાં સૌથી ઓછા ચાર કેસ સામે આવ્યા છે.

રાજ્યમાં સોમવારે કોરોનાના નવા ૭૩૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસનો આંકડો ૩૬,૮૫૮ થયો છે. જેની સામે ડિસ્ચાર્જ કે મૃત્યુ પામેલાં લોકોની સંખ્યા બાદ કરતાં હાલ સારવાર હેઠળ હોય તેવા દર્દીઓનો આંકડો હાલ ૮,૫૭૪ છે. આ આંકડો કુલ દર્દીઓનાં ૨૩ ટકા જેટલો થાય છે. બીજી તરફ ગુજરાત સૌથી વધારે એક્ટિવ કેસ હોય તેવા રાજ્યમાં આઠમાં નંબર પર આવી ગયું છે. આ મામલે મહારાષ્ટ્ર, તામિલનાડુ, દિલ્હી, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ બાદ ગુજરાતનો આઠમાં ક્રમે આવે છે. ગુજરાતમાં રિકવરીનો રેટ ૭૧.૪૨ ટકા છે. ગુજરાતમાં હાલ મૃત્યુદર ૫.૩૨ ટકા છે.

છેલ્લા થોડા દિવસોમાં અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે. નવાઈની વાત તો એ છે કે અમદવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તરફથી છેલ્લા કેટલાક દિવસથી ટેસ્ટિંગનું પ્રમાણ વધારવામાં આવ્યું છે. છતાં કેસ ઘટી રહ્યા હોવાનો સીધો મતલબ એવો છે કે શહેરમાં કોરોના હવે ધીમે ધીમે કાબૂમાં આવી રહ્યો છે. જુલાઈના ૬ દિવસમાંથી ૪ દિવસ કેસ ૨૦૦થી નીચે રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસની સરખામણીમાં મૃત્યુનો આંક પણ ઘટીને ૭ થયો છે.

૬ જુલાઈના ગુજરાતમાં ૭૩૫ નવા કેસ : છ જુલાઈના રોજ પુરા થતાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૩૫ નવા કેસ નોંધાયા છે, સાથે ૧૭ દર્દીનાં મોત થયા છે. આ રાજ્યમાંથી ૪૨૩ દર્દીઓએ કોરોનાને મ્હાત પણ આપી છે. રાજ્યમાં છેલ્લા ૨૧ કલાક દરમિયાન નોંધાયેલા કેસમાં સુરત શહેરમાં ૨૦૧, અમદાવાદ શહેરમાં ૧૬૮, વડોદરા શહેરમાં ૫૫, સુરત જિલ્લામાં ૪૦, ભાવનગર શહેરમાં ૨૬, બનાસકાંઠામાં ૨૪, ભરૂચમાં ૧૮, રાજકોટ શહેરમાં ૧૪, ગાંધીનગરમાં ૧૩, વલસાડમાં ૧૩, મહેસાણામાં ૧૨, કચ્છમાં ૧૧, વડોદરામાં ૧૦, જૂનાગઢમાં શહેરમાં ૯, ખેડામાં ૯, ભાવનગરમાં ૯, પંચમહાલમાં ૮, સાંબરકાંઠામાં ૮, નવસારીમાં ૮, અમરેલીમાં ૭, રાજકોટમાં ૭, જૂનાગઢમાં ૬, જામનગર શહેરમાં ૫, સુરેન્દ્રનગરમાં ૫, ગાંધીનગર શહેરમાં ૪, મોરબીમાં ૪, તાપીમાં ૪, પાટણમાં ૪, છોટા ઉદેપુરમાં ૩, અરવલ્લીમાં ૨, મહીસાગરમાં ૨, બોટાદમાં ૨, ગીર સોમનાથમાં ૨, જામનગરમાં ૨, આણંદમાં ૧ મળીને કુલ ૭૩૫ કેસ નોંધાયા છે.

# કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકી વેન્ટિલેટર પર

ગાંધીનગર, તા. ૦૭
પૂર્વ કેન્દ્રીય પ્રધાન ભરતસિંહ સોલંકીની કોરોનાની સારવાર કરતી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલના ડોકટરોએ એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ)ના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાની સલાહ લીધી છે. ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ તરીકે બે વાર સેવા આપી ચૂકેલા સોલંકીની સારવાર માટે અન્ય ટોચના ડોકટરોની સલાહ પણ લેવામાં આવી છે. ૬૭ વર્ષીય ભરતસિંહ સોલંકીની તબિયતમાં સુધારો ન થતાં ગત સપ્તાહે વડોદરાની હોસ્પિટલથી અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, ૨૩મી જૂને વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં સોલંકીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, 'ખાનગી હોસ્પિટલના ડૉકટરોએ એઈમ્સના વડા ડૉ. ગુલેરિયા અને મુંબઈની લીલાવતી હોસ્પિટલના ટોચના ડોકટરોની સલાહ લીધી છે. 'ચાવડાએ જણાવ્યું હતું કે, સોલંકીની સ્થિતિમાં ઝડપથી સુધારો લાવવા માટે વિશેષ ઈન્જેક્શન પણ આપવામાં આવ્યા છે. ચાવડાએ કહ્યું કે, 'તેમની સ્થિતિ ધીરે ધીરે સુધરી રહી છે, પરંતુ તેમને હજી પણ ઓક્સિજન સપોર્ટની જરૂર છે. ડૉકટરો જલ્દીથી તેમની સ્થિતિમાં વધુ સુધારો થવાની અપેક્ષા છે.લ્લ જણાવી દઈએ કે, ૧૯ જૂનના રાજ્યસભાની ચૂંટણી દરમિયાન સોલંકીને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો, તેઓ રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે લડ્યા હતા. તે દિવસે તેઓ મોટી સંખ્યામાં લોકોના સંપર્કમાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કોરોના થતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે તેમને કોરોનાને મ્હાત આપી અને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. હોસ્પિટલમાંથી રજા લેતા પહેલા શંકરસિંહ વાઘેલાએ ડોક્ટરો અને હોસ્પિટલ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો અને તેમણે કહ્યું કે, 'આઠ દિવસ દરમિયાન તમામ તબીબોએ મને સારી ટ્રીટમેન્ટ આપી. હું અહીંયા આવ્યો ત્યારે સ્થિતિ ખરાબ હતી અને હવે જઈ રહ્યો છું ત્યારે એકદમ સ્વસ્થ છું. મારા ડૉક્ટરોએ સારી સારવાર કરી છે. જે લોકો અહીં દુઃખી થઈને આવે સાજા થઈને જાય એવી પ્રાર્થના કરીશલ્લ



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે દહેગામ તાલુકા પંચાયતની મુલાકાત લઈ પંચાયતની વિવિધ શાખાઓ દ્વારા થતી કામગીરીની સમીક્ષા કરી હતી. તાલુકા વિકાસ અધિકારી રૂબીસિંઘ, અધિક તાલુકા વિકાસ અધિકારી કનુભાઈ સહિત કર્મચારીઓએ તાલુકામાં ચાલી રહેલા વિકાસના કામો તેમજ મનરેગા અને એસ.બી.એમ.ની વિગતો રજુ કરી હતી.

## મોડાસા નગરપાલિકા દ્વારા માલપુર રોડ પર વોટર એટીએમનુ લોકાર્પણ કરાયુ

મોડાસા માલપુર રોડ ઉપર સાઈ મંદિર પાસેના બગીચા વિસ્તારમાં નગરપાલિકા દ્વારા વોટર એટીએમ જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું એક રૂપિયામાં ૨૦૦ એમ.એલ પાંચ રૂપિયામાં એક,લીટર તથા ૧૦ રૂપિયામાં ૨૦ લિટર આરઓ ઠંડું શુદ્ધ પાણી પીવા મળશે. આ લોકાર્પણ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ પાણી પુરવઠા ચેરમેન કેતન ત્રિવેદી કારોબારી ચેરમેન આશિષભાઈ જયસ્વાલ ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન જલ્પાબેન ભાવસાર મોડાસા ભાજપ શહેર પ્રમુખ જગદીશ ભાવસાર ચીફ ઓફિસર જીગ્નેશ બારોટ તથા એન્જિનિયર દેવાગ સોની ઉપસ્થિત રહ્યા હતા.

## ધનસુરા પોલીસે દારૂની હેરાફેરી કરતા ઈસમને રહિયોલ પાસેથી મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો

ધનસુરા, તા. ૭
ધનસુરા પોલીસે ધનસુરા પી.એસ.આઈ પી.ડી.રાઠોડ ના માર્ગદર્શન હેઠળ દારૂની હેરાફેરી કરતા ઈસમને રહિયોલ પાસેથી ૧,૧૭,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

ધનસુરા પોલીસ સ્ટાફના માણસો પ્રોહિબીશનની કામગિરી માટે ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તે દરમિયાન બાતમી ના આધારે રહિયોલ પાસેથી આરોપી આરીફખાન કાદરખાન પઠાણ રહે.સી.-૭ અહેમદી પાર્ક સોસાયટી સૈયદવાડી વટવા અમદાવાદ શહેર મૂળ રહે દાણીલીમડા અમદાવાદને પોતાના કબજાની C.N.G ઓટો રિક્ષા નંબર GJ-27-Y-7874 માંથી બોટલ નંગ-૫૪ કિંમત રૂ-૨૭,૦૦૦ અને ઓટો રીક્ષાની કિંમત ૯૦,૦૦૦ સહિત ૧,૧૭,૦૦૦ ના કિંમતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધનસુરા પી.એસ.આઈ પી. ડી. રાઠોડ અને પોલીસ સ્ટાફ એ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## પ્રાંતિજ ખાતે ઇકોકાર નાળામાં ખાબકી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આજે સવારે રોડની સાઇડમાં આવેલ પાણીના નાળામાં ઈકો કાર ખાબકી હતો જોકે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. પ્રાંતિજના એપ્રોચરોડ માતૃછાયા સોસાયટી સામે આવેલ પાણીના નાળામાં એપ્રોચરોડ રોડ ઉપરથી પ્રસાર થતી ઈકોકાર ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમવતા કાર અચાનક રોડની પાસે આવેલ પાણીના નાળામાં ખાબકી હતી તો કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. જોકે કારમાં કાર ચાલક એકલો જ હતો. લોકોને ઘટના અંગેની જાણ થતાં આજુબાજુમાથી લોકો દોડી આવ્યા હતા અને જેસીબીની મદદથી નાળામાં ખાબકેલી ઈકોકારને બહાર કાઢવામાં આલી હતી.

### નવા ૧૫ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને ગઈકાલે સાંજે જ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. મહુન્દ્રામાંથી એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન કરતો આ યુવક પડોશીને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે આવ્યો હતો તેમ જાણવા મળેલ છે. સરગાસણમાંથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે અમદાવાદ ખાતે ડેરી પ્રોડક્ટ્સના ફિલ્ડ વર્ક સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે. પેથાપુરમાંથી વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. આજે વધુ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન જે ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં હતો પરંતુ ત્યાં તેની તબિયત લથડતાં તેના નમુના લઈ પરીક્ષણ માટે મોકલતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સુઘડ ગામેથી એક ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ગૃહણીની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહિ હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્ર દ્વારા આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થઈ તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૫૦ ની નજીક પહોંચવા આવી છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૧૭,૬૨૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૧૪ લોકો ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં છે તો ૩૪ લોકો પ્રાઈવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન થયા છે જ્યારે ૧૭,૫૭૯ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લામાં કોરોનાના દર્દીઓના વધતા જતા મૃત્યુ દર તંત્રની ચિંતાનો વિષય બનેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૯૫ લોકોના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યુ છે.

### વધુ ૬ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારમાં બે વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૩-ડી માં રહેતા એક ખાનગી પ્રેક્ટીસ કરતા તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં જ ખાનગી પ્રેક્ટીસ કરતા આ બીજા તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ તબીબના પરિવારના ૩ સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગાંધીનગર સે. ૨૬ માં આવેલ બેંક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર જે સે. ૪-ડી માં રહે છે તે મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અધિકારીના પરિવારમાં ૬ સભ્યો છે તેમને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૬ની બેંક ઓફ બરોડામાં આ બીજો કેસ નોંધાયો છે. ખાનગી શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલ અને સે. ૮-બી માં રહેતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર ખાતે આવેલ મેરીટાઈમ બોર્ડમાં સીની. ક્લાર્ક તરીકે ફરજો બજાવતા એક ૪૩ વર્ષીય પુરૂષ જે સે. ૧૩-ડી માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારમાં ૩ સભ્યો છે તેમને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં જે રીતે કેસો રોજેરોજ જુદા જુદા સેક્ટરોમાંથી મળી રહ્યા છે તે દર્શાવે છે કે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયુ છે. જે કોરોનાનો ત્રીજો તબક્કો છે. તંત્રએ આ સ્થિતિને પારખી સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં અસરકારક અમલીકરણ કન્ટેનમેન્ટનું થાય તે માટે ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્ર થોડીક રાહત અનુભવી રહેલ છે.

### વિઝા રદ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓનલાઈન અભ્યાસ કરાવવાનો શરૂ કરી દીધો છે. હાવર્ડે પણ પોતાના તમામ કોર્સ ઓનલાઈન શરૂ કરી દીધો છે અને કેમ્પસમાં રહેતા વિદ્યાર્થીઓને પણ હવે ક્લાસમાં જવાની જરૂર નથી. એવામાં અમેરિકામાં રહીને હાવર્ડમાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓને પરત મોકલવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે જાહેરાત કરી દીધી છે કે, કેટલાક ખાસ સ્ટૂડન્ટ વિઝા ધરાવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન ક્લાસિસ શરૂ હોવાના કારણે અમેરિકામાં રહેવાની જરૂરિયાત નહીં રહે. એવામાં વિદ્યાર્થીઓને અમેરિકા દર સેમેસ્ટરના વિઝા ઉપલબ્ધ નહીં કરાવે અને તેમને ઘરે પરત ફરવું જોઈએ. હાલ અમેરિકાની મોટાભાગની યુનિવર્સિટીમાં ઓનલાઈન અભ્યાસ ચલાવાઈ રહ્યો છે.

૨૦૧૮-૧૯માં અમેરિકામાં કુલ ૧૦ લાખ વિદેશી વિદ્યાર્થીઓને વિઝા આપવામાં આવ્યા છે. તે અમેરિકામાં હાયર સ્ટડિઝ કરનારમાં ૫.૫% છે. ૨૦૧૮માં અમેરિકાને વિદેશી વિદ્યાર્થીઓથી ૪૪.૭ કરોડ ડોલરની કમાણી થઈ હતી. સૌથી વધારે વિદ્યાર્થીઓ ચીનના છે. ત્યારપછી ભારત, સાઉથ કોરિયા, સાઉદી અરબ અને કેનેડાનો નંબર છે. ૨૦૧૮-૧૯માં ભારતમાંથી બે લાખથી વધારે વિદ્યાર્થીઓ અમેરિકા ગયા હતા. ચીનથી ૩,૬૯,૫૪૮ વિદ્યાર્થીઓ અમેરિકા આવ્યા.

### સાથ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ચીન વચ્ચેના સંઘર્ષ સાથે સંકળાયેલો મુદ્દો હોય કે કોઈ અન્ય.' મેડોસના કહેવા પ્રમાણે અમેરિકાનું મિશન વિશ્વને જ્ઞાત થાય કે અમેરિકા આજે પણ વિશ્વની સર્વશ્રેષ્ઠ સૈન્ય તાકાત છે તે સુનિશ્ચિત કરવાનું છે. અમેરિકાનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે ચીને સોમવારે કહ્યું હતું કે, 'આગળના મોરચે તૈનાત સૈનિકો ભારત સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા પર ગાલવાન ઘાટીમાં પીછેહઠ કરવા અને તણાવ ઘટાડવાની દિશામાં પ્રગતિ માટે પ્રભાવી પગલા ભરી રહ્યા છે.'

### કાંડમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેરફેર થકી ખાનગી સંપત્તિ બનાવવા માટે પૈસાનો ઉપયોગ કરાયો હતો? સીબીઆઈનો કેસ જીવીકે એરપોર્ટ હોલ્ડિંગ લિમિટેડ અને એરપોર્ટ ઓથોરિટી ઓફ અન્ડિયા અને અન્યોના (ખાનગી-જાહેર ભાગીદારી)ના સંયુક્ત ઉપક્રમ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડના ભંડોળમાંથી ૨૭૦૫ કરોડની કથિત હેરાફેરીથી સંકળાયેલો છે. વધુપડતો ખર્ચ બચાવી, આવક ઓછી દર્શાવી અને રેકોર્ડમાં હેરાફેરી થકી આ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

સીબીઆઈએ એમઆઈએલના ડિરેક્ટર ગણપતિ, એમઆઈએએલના મેનેજર અને તેમના પુત્ર જીવી સંજય રેડ્ડી, જીવીએલ એરપોર્ટ હોલ્ડિંગ લિમિટેડ, એમઆઈએલની કંપનીઓ તેમજ નવ જેટલી અન્ય ખાનગી કંપનીઓ અને એએઆઈના અજાણ્યા અધિકારીઓ સામે કેસ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે એએઆઈએ મુંબઈ હવાઈ મથકના સંચાલન માટે ચોથી એપ્રિલ ૨૦૦૬ના રોજે એમઆઈએએલ સાથે કોન્ટ્રાક્ટ કર્યો હતો.

### દેશમાં હજુ સુધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં સતત ૫મા દિવસે ચેપગ્રસ્તોની સંખ્યા ૨૦ હજારથી વધુ રહેવા પામી છે. વિશ્વભરમાં કોરોનાનો સૌથી કહેર અમેરિકામાં જોવા મળી રહ્યો છે. અમેરિકામાં કોવિડ-૧૯ના ચેપગ્રસ્તોની સંખ્યા ૨૯ લાખને પાર થઈ ચૂકી છે. બીજા નંબરે બ્રાઝીલમાં પણ ખતરનાક વાયરસથી ૬૪,૮૬૭ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. જ્યારે અમેરિકામાં ૧,૨૯,૯૪૭ લોકો અત્યાર સુધીમાં કોરોનાનો શિકાર થયા છે. ભારતમાં મૃત્યુ દર મંગળવારે સવારે ૨.૮ ટકાનો હતો. જ્યારે એક સપ્તાહ પૂર્વે તે ૩ ટકા અને ૨ સપ્તાહ પૂર્વે ૩.૨ ટકાનો હતો. તુલનાત્મક રીતે જોઈએ તો અમેરિકામાં મૃત્યુ દર ૪.૫ ટકા અને બ્રાઝીલમાં ૪.૧ ટકા છે. જ્યારે વૈશ્વિક કક્ષાએ તે ૪.૭ ટકા છે. દુનિયાના ૧૮૮ દેશોમાં ફેલાયેલી મહામારીથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં હાલ અમેરિકા, બ્રાઝીલ અને ભારતનો સમાવેશ થાય છે. કર્ણાટકના પાટનગર બેંગ્લુરુમાં વિતેલા ૩ દિવસથી કોરોના વાયરસનો પ્રકોપ બેકાબુ બનતો જઈ રહ્યો છે. શહેરમાં ત્રણ જ દિવસમાં ત્રણ જ દિવસમાં દર્દીઓની સંખ્યામાં ૧૫.૭ ટકાનો વધારો નોંધાયો છે. સોમવારે જારી કરાયેલા ડેટા મુજબ રવિવારે એક જ દિવસમાં ૧૨૩૫ નવા ચેપગ્રસ્તો નોંધાયા છે.